આનંદના ફુવારા... (૨) રહે... ઊભરાતા, એવી કૃપા નાથ તું તો કરતો જા...
મહિમા કેરી ધારા... (૨) નાં નીર ઊછળતાં, અખંડ રહે નાથ, એવું કરતો જા...

તારાં વાવેલાં બીજના ફૂટ્યા જે અંકુર, તેની સેવાનો લ્હાવો લેવાને હું આતુર,
હેત, માયા, દયા, પ્રીતિ... (૨) તે લઈ જાય ના દૂર, (૨)
તેની ઝીણી તપાસે... (૨) અંતરના ઉલ્લાસે,
ચૈતન્યના ચમકારે હું તો ચાલ્યો આજ... આનંદના.

જ્ઞાનસ્વરૂપી વિચારરૂપે તું છે મારી સાથે,
જીતી જવી બાજી ઝાલી જોગી જોકર હાથે,
નિર્ભયતા તો એટલી છે કે... (૨) તારી ચોકી છે માથે, (૨)
મહિમાના વિચારે... (૨) અખંડ દિવ્યભાવે,
મૂર્તિના અજવાળે હું તો ચાલ્યો આજ... આનંદના.

પળેપળે સ્વભાવનું પ્રદર્શન, એમાં તારું દર્શન,
સ્ફટિક સમ તુજ મૂર્તિમાંહે, તોયે રહેવું છે મગન,
ડાઘ ન લાગે એમાં સ્વામી... (૨) એવું કરી દે મન (૨)
તારી પ્રસન્નતા માટે... (૨) તારી તો તાકાતે,
અંતર કેરો સાદ સુણી ચાલ્યો આજ... આનંદના.

જ્યોત થકી આજ જ્યોત જલે છે, સ્વામીને પ્રતાપે,
જ્ઞાનસમાધિમાં રહેવાયે, એવું કરી આપે,
બ્રહ્મકિરણ એવી પ્રગટાવે... (૨) સ્વભાવનાં તમ કાપે,
મૂર્તિના સવાદે... (૨) તારા આશીર્વાદે,
અંતર લઈ પ્રશાંત હું તો ચાલ્યો આજ.... આનંદના.